For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# અમેરિકામાં ૧૦૦ મિલિયન ડોલરથી વધુના હોટેલ-લોન 'મહાકૌભાંડ'માં ડભોઈના શેઠ પરિવારની સંડોવણીના આક્ષેપો

**મૂળ ડભોઇના** પંકજ શેઠ-રાજન શેઠ સહિત ૩૬ સામે ૧૩૩ આરોપવાળી ફેડરલ સિવિલ ફરિયાદ; જૂની લોન ચૂકવવા નવી લોન લેવાનો કથિત ચક્ર

(પ્રતિનિધિ) વડોદરા તા.24

અમેરિકામાં હોટેલ બિઝનેસ સાથે સંકળાયેલા ભારતીય મૂળના શેઠ પરિવાર સામે અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DOJ) દ્વારા કરવામાં આવેલી સિવિલ ફરિયાદે ભારે ચકચાર જગાવી છે. ફરિયાદમાં પંકજ શેઠ, તેમના પુત્ર રાજન શેઠ, પરિવારના અન્ય સભ્યો, 21 બિઝનેસ એન્ટિટી અને અન્ય સહયોગીઓ સહિત કુલ 36 પ્રતિવાદીઓ સામે 332 પાનાની 133-કાઉન્ટ સિવિલ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

DOJનો આક્ષેપ છે કે શેઠ પરિવાર સાથે જોડાયેલી કંપનીઓએ નાણાકીય મુશ્કેલીમાં રહેલી હોટેલ પ્રોપર્ટીઓની માલિકી અને વાસ્તવિક નિયંત્રણ છુપાવવા માટે અલગ-અલગ કંપનીઓ અને કથિત 'સ્ટ્રો ઓનર્સ'નો ઉપયોગ કર્યો અને ત્યારબાદ નવી લોન મેળવી જૂના દેવા ચૂકવવાનું ચક્ર ચલાવ્યું. ફરિયાદમાં આ સમગ્ર વ્યવહારને ત્રણ દાયકાથી ચાલતી $100 મિલિયનથી વધુની કથિત લોન સ્કીમ તરીકે રજૂ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર કેસમાં સાઉથ ફિલાડેલ્ફિયાની Penrose Hotel પ્રોપર્ટી ખાસ ચર્ચામાં છે. ફરિયાદ અનુસાર શેઠ પરિવાર 1999થી આ પ્રોપર્ટી સાથે સંકળાયેલો હતો. વર્ષો દરમિયાન હોટેલે અનેક નામ બદલ્યાં–Skyview Plaza, Penrose, Radisson અને બાદમાં Holiday Inn Philadelphia Airport-Stadium Area.

હોટેલ માર્ચ 2020માં બંધ થઈ હતી. ત્યારબાદ અંદાજે $10 મિલિયનના રિનોવેશન પછી 2022માં Radisson Hotel Philadelphia તરીકે ફરી શરૂ થઈ અને 2023માં Holiday Inn બ્રાન્ડ હેઠળ આવી.

## Penrose પ્રોપર્ટી પર $45 મિલિયનથી વધુનું ધિરાણ

- DOJના આક્ષેપ મુજબ Penrose પ્રોપર્ટીનો ઉપયોગ વિવિધ લોનમાં $45 મિલિયનથી વધુના કોલેટરલ તરીકે કરવામાં આવ્યો હતો.
- 2018માં શેઠ સાથે જોડાયેલી કંપનીઓએ આશરે $5 મિલિયનની SBA-backed લોન અને આશરે $3.1 મિલિયનની કોમર્શિયલ લોન મેળવી હતી. ફરિયાદ મુજબ રિનોવેશન માટે ફાળવવામાં આવેલા આશરે $1.8 મિલિયનનો અન્ય રીતે ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.
- આ લોનમાં ડિફોલ્ટ બાદ 2022માં બીજી કંપની દ્વારા આશરે $12 મિલિયનની લોન મેળવવામાં આવી હતી અને DOJના જણાવ્યા મુજબ તેનો ઉપયોગ જૂના દેવા ચૂકવવામાં થયો હતો.



### Penrose હોટેલમાં લોનનું કથિત ચક્ર

- » જૂની લોનમાં ડિફોલ્ટ
- » માલિકી/કંપનીમાં ફેરફાર
- » નવી LLC દ્વારા નવી લોન માટે અરજી
- » જૂની નાણાકીય મુશ્કેલીઓ છુપાવવાનો કથિત પ્રયાસ
- » નવી લોનમાંથી જૂનું દેવું ચૂકવવું
- » નવી લોનમાં ફરી ડિફોલ્ટ
- » ફરી નવી કંપની અને નવી લોન
- » DOJનો આરોપ છે કે આવું ચક્ર અનેક વખત પુનરાવર્તિત થયું હતું.

### COVID કાળની લોન પર પણ સવાલ

DOJની ફરિયાદમાં શેઠ સાથે જોડાયેલી કંપનીઓ દ્વારા CARES Act હેઠળની ઓછામાં ઓછી 18 લોન, કુલ આશરે $2.5 મિલિયન, કથિત ખોટી માહિતીના આધારે મેળવવામાં આવી હોવાનો આરોપ છે.

ફરિયાદમાં COVID સમયગાળાની સરકારી લોન અને હોટેલ બિઝનેસની વાસ્તવિક કામગીરી અંગે રજૂ કરાયેલી માહિતીની પણ તપાસનો ઉલ્લેખ છે.

### DOJના મુખ્ય આક્ષેપો શું?

- » હોટેલની વાસ્તવિક માલિકી અને નિયંત્રણ છુપાવવા માટે કથિત 'સ્ટ્રો ઓનર્સ' અને નવી LLC કંપનીઓનો ઉપયોગ.
- » બેંકો અને સરકારી એજન્સીઓને અગાઉના ડિફોલ્ટ, નાદારી, દેવા અને અન્ય નાણાકીય મુશ્કેલીઓની માહિતી છુપાવવાનો આરોપ.
- » કથિત રીતે ખોટા અથવા કોપી-પેસ્ટ કરેલા સહીવાળા દસ્તાવેજો રજૂ કરવાનો આરોપ.
- » હોટેલના રિનોવેશન માટેની રકમનો અન્ય હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો હોવાનો આરોપ.
- » નવી લોનમાંથી મળેલી રકમનો ઉપયોગ જૂની લોન અને દેવા ચૂકવવા માટે કરવાનો કથિત પ્રયાસ.
- » નવી કંપનીના નામે ફરી લોન મેળવી અગાઉના દેવાના ચક્રને આગળ ધપાવવાનો આરોપ.
- » કેટલીક હોટેલોમાં કર્મચારીઓ, પેરોલ અને આવક અંગે ખોટી માહિતી રજૂ કરવાનો આરોપ.
- » આ તમામ મુદ્દા DOJની સિવિલ ફરિયાદમાં કરાયેલા આક્ષેપો છે.

### આ કેસમાં મુખ્ય આંકડા

- **36** – કુલ પ્રતિવાદીઓ
- **133** – ફરિયાદમાં કાઉન્ટ્સ
- **332** પાનાં – ફેડરલ સિવિલ ફરિયાદ
- **$100** મિલિયન+ – DOJ મુજબ સમગ્ર કથિત લોન ઓપરેશન
- **32** લોન – ફરિયાદમાં વિગતવાર દર્શાવાયેલી
- **$52.8** મિલિયન – આ 32 લોનની કુલ રકમ
- **18** CARES Act લોન – આશરે $2.5 મિલિયન
- **$45** મિલિયન+ – Penrose પ્રોપર્ટી સામે વિવિધ લોનમાં કથિત કોલેટરલ ઉપયોગ

ફરિયાદમાં જણાવાયેલી 32 લોનની યાદી સમગ્ર કથિત ઉધાર વ્યવહારની સંપૂર્ણ યાદી નથી અને DOJ સમગ્ર ઓપરેશનનું મૂલ્ય $100 મિલિયનથી વધુ ગણાવે છે.

**શેઠ પરિવારનો બચાવ |** રાજન શેઠે DOJના આરોપોને નકારી કાઢ્યા છે. તેમના જણાવ્યા મુજબ પરિવારનો વ્યવસાય મુશ્કેલીમાં આવેલી પ્રોપર્ટી ખરીદવાનો અને તેનું રિનોવેશન કરીને તેને ફરી ઉભી કરવાનો છે. તેમણે કહ્યું છે કે "કોઈ સ્કીમ નથી" અને પરિવાર દ્વારા લેવામાં આવેલી લોનની રકમ પરત ચૂકવવામાં આવી છે. તેમણે એવો પણ દાવો કર્યો કે પરિવાર તપાસ દરમિયાન દસ્તાવેજો આપવા માટે સહકાર આપતો રહ્યો છે અને પરિવાર આ આરોપો સામે કાનૂની લડત લડશે.

**કાયદાકીય સ્થિતિ |** આ મામલો હાલ ફેડરલ સિવિલ કેસ છે. DOJ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો કોર્ટમાં અંતિમ રીતે સાબિત થયા નથી.સરકાર પ્રતિવાદીઓ પાસેથી અમેરિકન સરકારને થયેલા કથિત નાણાકીય નુકસાનની વસૂલાત સહિત કાયદા મુજબ નાણાકીય રાહતની માંગ કરી રહી છે. અંતિમ જવાબદારી કોર્ટના નિર્ણય બાદ જ નક્કી થશે.

### મંદિરના નામે પણ કથિત લોનનો મુદ્દો

આ કેસનો એક અલગ પાસો ધાર્મિક સંસ્થા સાથે જોડાયેલી લોન અંગેનો છે. આપેલી ફરિયાદ આધારિત સામગ્રીમાં Shri Dwarkadhish Temple Inc. સાથે જોડાયેલી EIDL/કોરોના સમયની લોન અંગે પણ આક્ષેપો દર્શાવવામાં આવ્યા છે. આ મુદ્દે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે કે ધાર્મિક સંસ્થા અથવા મંદિરના નામનો ઉલ્લેખ માત્ર ફરિયાદમાં કરાયેલા આરોપોના સંદર્ભમાં છે; તેનાથી સંસ્થા કે તેના સંચાલકો સામે કોઈ ગુનો કોર્ટ દ્વારા સાબિત થયો હોવાનું માનવું યોગ્ય નથી.

---

ફ્લાઇટ ટ્રેનિંગ વિઝા અપાવવાના બહાને યુવક પાસેથી લાખો ખંખેર્યા

# અમેરિકાના વિઝા અપાવવાના નામે રૂ.૨૩ લાખ અમદાવાદની યુવતી પાસેથી એજન્ટોએ પડાવ્યા

**પાસપોર્ટ** પર ખોટો વિઝા સ્ટેમ્પ લગાવી અમેરિકા મોકલવા માટેનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

અમદાવાદની યુવતીને અમેરિકા અભ્યાસ માટે મોકલવાની લાલચ આપી વિઝા એજન્ટો દ્વારા F-1 સ્ટુડન્ટ વિઝા ન મળતા યુવકને M-1 ફ્લાઈટ ટ્રેનિંગ વિઝા અપાવવાની વાત કરી આરોપીઓએ અલગ-અલગ ફી, સર્વિસ ચાર્જ અને ટ્રેનિંગ ફીના નામે અંદાજે રૂ.23 લાખ મેળવી લીધા હતા. બાદમાં પાસપોર્ટ પર અમેરિકાના પાંચ વર્ષના M-1 વિઝાનો ખોટો સ્ટેમ્પ લગાવી તેને સાચો વિઝા હોવાનું કહી વિવિધ તારીખોની ફ્લાઈટ ટિકિટો પણ કઢાવી આપવામાં આવી હતી. કોઈ બીજા ન બનાવી આપી એજન્ટો દ્વારા ઠગાઈ આચરવામાં આવી હોય યુવતી પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે.

અમદાવાદ ખાતે રહેતા અમીષાબેન રૂપાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ, પ્રેમલતાબેન, રિધ્ધિ જોષી, શુભમ દેસાઈ અને વિશાલ ગાંધી સહિતના શખ્સોએ યુવતીને વિઝા પ્રક્રિયા, બાયોમેટ્રિક, ઈન્ટરવ્યૂ અને ઈમિગ્રેશનના નામે અલગ-અલગ રકમ ચૂકવવા જણાવ્યું હતું. યુવતીએ વડોદરા ખાતેની ઓફિસમાં જઈને પણ ચુકવણી કરી હતી. ત્યારબાદ મુંબઈ અને ચેન્નઈ ખાતે બાયોમેટ્રિક તથા ઈન્ટરવ્યૂની પ્રક્રિયા કરાવવામાં આવી હતી.

ઉપરાત આરોપીઓએ બાદમાં પાસપોર્ટ પર અમેરિકાના વિઝાનો ફોટો મોકલી બાકીની રકમ ચૂકવવા દબાણ કર્યું હતું. રૂ.10 લાખ અને ત્યારબાદ રૂ.10 લાખ રોકડા સહિત ઓનલાઈન પણ રકમ ચૂકવવામાં આવી હતી. જોકે, અમેરિકા જવા માટેની અલગ-અલગ ફ્લાઈટ ટિકિટો કઢાવ્યા બાદ તેને એરપોર્ટ પરથી પરત બોલાવવામાં આવ્યો હતો. પછી આરોપીઓએ સિંગાપોર થઈને અમેરિકા જવાની વાત કરી હતી. આખરે યુવકને વિઝા અંગે શંકા જતા અન્ય વિઝા એજન્ટનો સંપર્ક કરતાં કથિત વિઝા ખોટા હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓએ એકબીજાની મદદગારી કરી કાવતરું રચી, ખોટા વિઝા તૈયાર કરી સાચા તરીકે ઉપયોગમાં લીધા અને વિઝા ફીના બહાને આશરે રૂ.23 લાખ મેળવી છેતરપિંડી કરી છે. સમગ્ર મામલે પોલીસે ફરિયાદના આધારે ચાર આરોપીઓની ભૂમિકા સહિત અન્ય સંડોવાયેલા શખ્સોની તપાસ હાથ ધરવાની કાર્યવાહી શરૂ કરી છે.

## સંગમ ચાર રસ્તા પાસે સોસાયટીમાં મારામારી, વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના હરણી વારસિયા રિંગ રોડ પર સંગમ ચાર રસ્તા નજીક આવેલી ત્રિવેણી સોસાયટીમાં કેટલાક લોકો વચ્ચે છૂટા હાથની મારામારી થઈ હતી. ઘટનાના દ્રશ્યોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસ એક્શનમા આવી ગઈ હતી. બંને પક્ષના લોકોને પોલીસે પોલીસ સ્ટેશન ખાતે બોલાવી ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

હરણી વારસિયા રીંગરોડ પર સંગમ ચાર રસ્તા નજીક ત્રિવેણી સોસાયટીમાં કોઈ કારણોસર બે પક્ષો વચ્ચે બોલાચાલી બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને બંને તરફથી છૂટા હાથની મારામારી કરવામાં આવી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો પણ એકત્ર થઈ ગયા હતા. દરમિયાન કોઈ વ્યક્તિએ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો. વીડિયો સામે આવતા વારસિયા પોલીસ પણ તાત્કાલિક હરકતમાં આવી હતી.

## ઈદે મિલાદ અને રક્ષાબંધનને લઈ ગોરવા વિસ્તારમાં પોલીસનું પેટ્રોલિંગ



(પ્રતિનિધિ) વડોદરા તા.24

આગામી ઈદે મિલાદ તથા રક્ષાબંધનના તહેવારોને અનુલક્ષીને ગોરવા પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. એસીપી આર.ડી. કવા તથા ગોરવા પોલીસ સ્ટેશનના પીઆઈ કિરીટ લાઠીયા તેમજ જવાહરનગરના પીઆઈના માર્ગદર્શન હેઠળ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓએ ગોરવા ગામથી ગુજરાત હાઉસિંગ બોર્ડ, બાપુની દરગાહ, મધુનગર ચાર રસ્તા સહિતના વિસ્તારોમાં એરિયા ડોમિનેશન અને ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી હતી. આ ઉપરાંત મુસ્લિમ સમાજના આગેવાનો સાથે મુલાકાત કરી તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

---

કરોડોના ખર્ચે શરૂ કરાયેલી પરિવહન સુવિધાની ગુણવત્તા સામે શંકાની સોય

# કડવી વાસ્તવિકતા: બંધ પડેલી ઈલેક્ટ્રિક બસને ખેંચીને સર્વિસ સ્ટેશને પહોંચાડાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના નાગરિકોને સુવિધાજનક અને પર્યાવરણ અનુકૂળ મુસાફરીનો લાભ મળે તે માટે સંસ્કારી નગરીમાં મોટા ઉપાડે ઈલેક્ટ્રિક બસોની સુવિધા શરૂ કરવામાં આવી હતી. પાલિકા અને તંત્ર દ્વારા આ બસોના શુભારંભ સમયે શહેરીજનો માટે પરિવહન ક્ષેત્રે એક નવી અને આધુનિક ક્રાંતિ આવી હોવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવ્યા હતા. પરંતુ શરૂઆતના સમયમાં જ આ ઈ-બસોની કડવી વાસ્તવિકતા અને પોકળ દાવોઓ સામે આવી રહ્યા છે.

વડોદરા શહેરમાંથી સામે આવેલા તાજેતરના દ્રશ્યોમાં તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના માર્ગ પર દોડતી ઈલેક્ટ્રિક બસ અચાનક બંધ પડી જતાં તેને ધક્કો મારીને અને અન્ય વાહન વડે ખેંચીને સ્થાનિક સર્વિસ સ્ટેશન સુધી લઈ જવાની નોબત આવી હતી. સંસ્કારી નગરીના રસ્તાઓ પર ધક્કામુક્કી કરીને ખેંચાઈ રહેલી આ ઈલેક્ટ્રિક બસના દ્રશ્યો કેમેરામાં કેદ થતાં જ મહાનગરપાલિકાના દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે. મુસાફરોની સુવિધા માટે શરૂ કરવામાં આવેલી બસ જ જો આ રીતે રસ્તા વચ્ચે ખોટકાઈ પડે અને તેને ખેંચી જવી પડે, તો તંત્રની ગુણવત્તા અને તેની જાળવણી



સામે સવાલો ઉઠવા સ્વાભાવિક છે. આ ઈ-બસોનું નિર્માણ કરતી વખતે કઈ ટેકનિક કે સંસાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને કયા મિકેનિક્સ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી છે તે તપાસનો વિષય બન્યો છે. લાખો-કરોડોના ખર્ચે રજૂ કરવામાં આવેલી આ સુવિધા શહેરના મુસાફરો માટે સુવિધાને બદલે માથાનો દુખાવો સાબિત થઈ રહી છે. તંત્ર દ્વારા આ બાબતે તાત્કાલિક ધોરણે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે અને બસોની ટેકનિકલ ખામીઓ દૂર કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# વેપારીએ સ્કીમના બહાને iPhone-૧૫ લેવડાવ્યા બાદ હપ્તા ન ભરી ઠગાઈ

**તરસાલીના** મોબાઇલના વેપારી સામે રૂ. ૮૨ હજારની છેતરપિંડી ફરિયાદ

**યુવકે** પૈસા માંગતા વેપારીએ તારાથી થાય તે કરી લેજે રૂપિયા કે મોબાઈલ નહિ મળે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

તરસાલી વિસ્તારમાં બજાજ ફાઈનાન્સની ક્રેડિટ કાર્ડ સ્કીમના નામે ગ્રાહક સાથે છેતરપિંડી થયાની ફરિયાદ સામે આવી છે. મોબાઈલ ખરીદ્યા બાદ વેપારીએ ફોન પરત આપ્યો નહીં અને લોનના હપ્તા પણ નહીં ભરતા મામલો પોલીસ ફરિયાદ સુધી પહોંચ્યો છે.

તરસાલીના રહેવાસી મીતિકકુમાર સહાનીએ નોધાવેલી ફરિયાદ મુજબ તેઓ સ્વિફ્ટડેલ કંપનીમાં ટ્રાન્સપોર્ટ કો-ઓર્ડિનેટર તરીકે નોકરી કરે છે. વર્ષ 2023માં તેમણે તરસાલી તળાવ સામે આવેલા અયાન મોબાઈલના માલિક આરીફ સૈયદ પાસેથી મોબાઈલ ખરીદ્યો હતો. ત્યારબાદ iPhone-15 ખરીદવાનો હોવાથી આરીફ સાથે વાતચીત કરી હતી.

24 જાન્યુઆરી 2024ના રોજ આરીફે બજાજ ફાઈનાન્સની ક્રેડિટ કાર્ડ સ્કીમ સમજાવી મોબાઈલ ખરીદવા જણાવ્યું હતું. યુવકે વિશ્વાસ રાખી રૂ. 82 હજારનો iPhone-15 ખરીદ્યો અને બજાજ ફાઈનાન્સ મારફતે 24 માસિક હપ્તા કરાવ્યા હતા. મોબાઈલ એક દિવસ માટે આરીફ પાસે રાખ્યા બાદ તેણે મોબાઈલના બદલામાં રકમ ચૂકવવાનું કહી ફોન પોતાની પાસે રાખી લીધો હતો. આરીફે બાદમાં માત્ર રૂ.20 હજાર રોકડા આપ્યા અને બાકીના હપ્તા પોતે ભરવાની ખાતરી આપી હતી. જોકે ત્યારબાદ હપ્તા ભર્યા નહીં તેમજ મોબાઈલ પણ પરત કર્યો નહીં. પૈસા અને મોબાઈલની માંગણી કરતાં તેણે તારાથી થાય તે કરી લેજે મોબાઈલ કે પૈસા મળશે નહીં તેમ કહી ધમકી આપવામાં આવી હતી. મકરપુરા પોલીસે આરીફ સૈયદ સામે છેતરપિંડીનો ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

સેન્ટ્રલ જેલની સુરક્ષા સામે ફરી સવાલ..!

# સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન કેદીઓ પાસેથી બે મોબાઈલ અને સિમકાર્ડ મળી આવ્યા

**ગટરની** PVC પાઇપમાં મોબાઈલ સંતાડ્યો હતો, જેલમાં મોબાઇલ પહોંચાડનારની શોધખોળ




(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

વડોદરા મધ્યસ્થ જેલમાં કેદીઓ સુધી મોબાઈલ ફોન પહોંચતો હોવાની આશંકા વચ્ચે અમદાવાદથી આવેલી ઝપતી સ્કવોડે અચાનક ચેકિંગ હાથ ધરતાં જેલની સુરક્ષા વ્યવસ્થા સામે ફરી સવાલ ઉભા થયો છે. એક તરફ કાચા કાચા કામના આરોપીના ખિસ્સામાંથી સિમકાર્ડ મળ્યું તો તેની બાજુમાં બેઠેલા અન્ય આરોપીના પગ પાસેથી દોરીથી બાંધેલો મોબાઈલ મળી આવ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે વધુ એક મોબાઈલ જેલની ગટરની PVC પાઈપમાં છુપાવી રાખવામાં આવ્યો હતો.

તા. 23 ઓગસ્ટે સવારે 9:50થી બપોરે 1:30 વાગ્યા સુધી અમદાવાદથી આવેલી ઝપતી સ્કવોડ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામા આવ્યુ હતુ. દરમિયાન જેલની અલગ-અલગ બેરેક અને યાર્ડમાં ઝપતી કરવામાં આવી હતી. સર્કલ વિભાગના યાર્ડ નં. 8ની બેરેક નં. 1માં કાચા આરોપી ગણેશ દેવેન્દ્રસિંહની અંગઝડતી લેતાં તેના શર્ટના ખિસ્સામાંથી સિમકાર્ડ મળી આવ્યું હતું.

ત્યારબાદ તેની બાજુમાં બેઠેલા કાચા આરોપી અજય સુનિલ મહિડાના જમણા પગ પાસે દોરીથી બાંધેલો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. તપાસ દરમિયાન યાર્ડ નં. 11ની બેરેક નં. 4 પાછળ જનરલ સંડાસ-બાથરૂમ અને નવી ચાલીની વચ્ચે આવેલી ગટરની PVC પાઈપમાંથી પણ છુપાવેલો મોબાઈલ મળી આવ્યો હતો.

બંને મોબાઈલ ફોન અને સિમકાર્ડ કબજે કરી વધુ તપાસ માટે FSLમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. મોબાઈલનો ઉપયોગ કોણ કરતું હતું. મોબાઈલ જેલમાં કેવી રીતે પહોંચ્યા અને તેને પહોંચાડવામાં કોઈની મદદ હતી કે કેમ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. જેલ કર્મચારીની સંડોવણી છે કે કેમ તે તેની પણ તપાસ શરૂ કરવામા આવી છે.

---

વડોદરા મનપાનો અજીબ કિસ્સો: RTIમાં અધિકારીઓના ચોંકાવનારા જવાબથી ખળભળાટ

# કરોડો રૂપિયાના રસ્તા બન્યા, પણ હિસાબનો કોઇ રેકોર્ડ જ નથી!

**વિપક્ષે** ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે જવાબદારોને સસ્પેન્ડ કરવાની માંગ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરમાં બિસ્માર અને ઉબડખાબડ રસ્તાઓથી પરેશાન નાગરિકોની સમસ્યાઓ વચ્ચે વડોદરા મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. પાલિકા દ્વારા વારંવાર રસ્તાના કામો અંગે મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે કયા રસ્તા પાછળ કેટલો ખર્ચ થયો અને કેટલી વાર સમારકામ કરવામાં આવ્યું તેનો કોઈ રેકોર્ડ પાલિકાના અધિકારીઓ પાસે ઉપલબ્ધ જ નથી.

માહિતી અધિકાર એક્ટિવિસ્ટ પંકજ દવે દ્વારા વોર્ડ નંબર ૧૪ માં વિહાર સિનેમાથી ગાજરાવાડી અને પ્રતાપનગર ટોકીઝ તરફ જતા રસ્તાના સમારકામ અને રીસરફેસિંગ અંગે પાલિકા પાસે વિગતો માંગવામાં આવી હતી. આ અરજીમાં છેલ્લા પાંચ વર્ષમાં રસ્તો કેટલી વાર બન્યો, કેટલી વાર પેચવર્ક થયું અને કેટલો ખર્ચ થયો તેની માહિતી માગવામાં આવી હતી. જોકે, મનપાના માહિતી અધિકારીએ એવો ચોંકાવનારો જવાબ આપ્યો કે આ અંગેની કોઈ પણ વિગત કે રેકોર્ડ દફતરે ઉપલબ્ધ નથી.

અધિકારીઓએ માત્ર એવો લુલો બચાવ કર્યો હતો કે સ્થાનિક કાઉન્સિલરો કે નાગરિકોની રજૂઆત આવે ત્યારે ખાડા પૂરવાની કામગીરી કરી દેવામાં આવે છે. ખાનગી કંપનીઓ દ્વારા રસ્તા ખોદાયા બાદ દંડ કરાયો કે કેમ અથવા કોન્ટ્રાક્ટરો પાસેથી યોગ્ય કામ લેવાયું કે નહીં તેની પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે આ રસ્તો છેલ્લા ચાર વર્ષથી RCC માટે મંજૂર થયેલો હોવા છતાં તેનું કામ હજુ શરૂ જ થયું નથી અને વગર ચોમાસે વારંવાર પેચવર્ક કરવું પડી રહ્યું છે.

મનપા તંત્રની આ લાપરવાહી સામે વિપક્ષે આકરા પ્રહારો કર્યા છે. વિપક્ષનો આરોપ છે કે વડોદરામાં કોઈ પણ આયોજન વગર રસ્તાઓનું કામ થાય છે અને તેમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. કરોડો રૂપિયાના સરકારી નાણાં વપરાતા હોવા છતાં તેનો હિસાબ ન રાખનાર જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરી તેમને નોટિસ ફટકારવાની અને સસ્પેન્ડ કરવાની માંગ વિપક્ષ દ્વારા કરવામાં આવી છે. પાલિકાના અધિકારીઓની આ નિષ્ક્રિયતા અને બેદરકારીને કારણે મનપાની સમગ્ર કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ છે.



### મેયર દ્વારા તપાસની ખાતરી

આ સમગ્ર વિવાદ અંગે વડોદરાના મેયરે પણ સ્વીકાર્યું છે કે રસ્તાના કામોનો અને થયેલા ખર્ચનો હિસાબ દફતરે હોવો જ જોઈએ. RTI માં અધિકારીઓ દ્વારા "રેકોર્ડ ઉપલબ્ધ નથી" તેવો જવાબ આપવો અયોગ્ય છે. મેયરે આ મામલે જવાબદાર અધિકારીઓને બોલાવીને ખુલાસો માંગવાની અને થયેલા ખર્ચનો રેકોર્ડ રજૂ કરાવવાની ખાતરી આપી છે.

ટુ-વ્હીલરથી લઈ ટ્રક સુધીના વાહનો પ્રભાવિત,મેન્યુઅલ પ્રક્રિયા શરૂ કરવા માગ

# ટ્રાન્સફરની કામગીરી ૪૫ દિવસથી ઠપ થતા ડીલરોનો ગાંધીનગરમાં વિરોધ

**દરજીપુરા** આરટીઓમાં કામગીરી ચાલુ,દરરોજ 25 થી 30 વાહનો આવે છે : કેતન ખાપેડ



(પ્રતિનિધિ) વડોદરા,તા.24

રાજ્યભરમાં છેલ્લા 45 દિવસથી વાહનોના નામ ટ્રાન્સફરની ઓનલાઈન કામગીરી અટકી પડતાં વાહન ડીલરોમાં ભારે રોષ ફેલાયો છે. ટુ-વ્હીલરથી લઈને ટ્રક સુધીના વાહનોના વેચાણ બાદ નામ ટ્રાન્સફરની પ્રક્રિયા ખોરવાતા સેકન્ડ હેન્ડ વાહનોની લેવડદેવડ પણ અસરગ્રસ્ત બની છે. સમસ્યાના વિરોધમાં રાજ્યભરના ટુ-વ્હીલર ડીલરો ગાંધીનગર દોડી આવ્યા હતા અને સંબંધિત અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી હતી.

મળતી માહિતી મુજબ, પરિવહન પોર્ટલની સિસ્ટમમાં ટેકનિકલ ખામીના કારણે છેલ્લા દોઢ મહિનાથી ઓનલાઈન નામ ટ્રાન્સફરની અરજીઓ અટવાઈ રહી છે. ડીલરોના જણાવ્યા મુજબ, આ સ્થિતિને કારણે ગ્રાહકોને વાહન ખરીદ્યા બાદ નામ ટ્રાન્સફર કરાવવામાં મુશ્કેલી પડી રહી છે. જો આ દરમિયાન વાહન અકસ્માતગ્રસ્ત થાય તો કાયદાકીય જવાબદારી કોની રહેશે તેવો સવાલ પણ ડીલરોએ ઉઠાવ્યો છે. ડીલરોએ જીવરાજ મહેતા ભવન ખાતે સંબંધિત અધિકારીને રજૂઆત કરી તાત્કાલિક મેન્યુઅલ નામ ટ્રાન્સફરની કામગીરી શરૂ કરવાની માગ કરી હતી. બીજી તરફ આરટીઓ અધિકારીના જણાવ્યા મુજબ, પરિવહન પોર્ટલ પર આરસી બુક અને આધારકાર્ડમાં દર્શાવાતા નામમાં અસંગતતા હોવાથી ઓનલાઈન અરજીઓ અટકી છે.

જોકે, વડોદરા આરટીઓ કચેરીમાં નામ ટ્રાન્સફરની કામગીરી ચાલુ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. હાલમાં દરરોજ આશરે 25થી 30 વાહનોના નામ ટ્રાન્સફરની કામગીરી કરવામાં આવી રહી છે. સરકારનું લક્ષ્ય લોકોને ઘર બેઠા સુવિધા આપવાનું છે, પરંતુ ટેકનિકલ સમસ્યાના કારણે રાજ્યભરમાં કામગીરી ખોરવાઈ છે. ડીલરો અને અરજદારોએ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવાની માગ કરી છે.